પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૧૭, બુધવાર ; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જવાનો સાથે બર્બરતા સામે આખો દેશ લાલઘુમ

## પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા દેશવાસીઓની માંગ : વારંવાર થઇ રહેલા હુમલા બાદ છપ્પન ઇંચની છાતી દર્શાવવા મોદી ઉપર વધતું જતું દબાણ : શહીદોના પરિવાર સહિત નાગરિકો દ્વારા પાકિસ્તાન સામે રોષ

નવી દિલ્હી,તા. ૨

કાશ્મીરની કૃષ્ણા ખીણમાં પાકિસ્તાની સેનાના ગોળીબારમાં શહીદ જવાનોના મૃતદેહ સાથે બર્બરતાને લઈને દેશભરમાં આક્રોશનો માહોલ છે. લોકો સરકાર અને ભારતીય સેના પાસેથી હવે આશ્વાસન નહીં પરંતુ પગલાની માંગ કરી રહ્યા છે. લોકો ઈચ્છે છે કે, સેના પાકિસ્તાનથી આ હુમલાનો બદલો લેવામાં આગળ વધે. લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે, આખરે ક્યાં સુધી દેશના જવાન શહીદ થતાં રહેશે. ક્યા સુધી આવા હુમલાને લઈને પાકિસ્તાનની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રકારના હુમલામાં





અગાઉ પણ શહીદ થઈ ચુકેલા પરિવારના સભ્યો હવે સરકારને વચનોની યાદ અપાવી રહ્યા છે. પાકિસ્તાન એલઓસી ઉપર વારંવાર યુદ્ધવિરામના ભંગ કરે છે. આ વર્ષની વાત કરવામાં આવે તો જાન્યુઆરીથી લઈને હજુ સુધી પાકિસ્તાન દ્વારા ૬૫

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય ડીજીએમઓનો જોરદાર વિરોધ

નવી દિલ્હી,તા. ૨

બે ભારતીય શહીદ જવાનોના



મૃતદેહને ક્ષતવિક્ષત કરી દેવાના મામલામાં ઈન્ડિયન ડિરેક્ટર્સ જનરલ ઓફ મિલિટ્રી ઓપરેશન (ડીજીએમઓ) દ્વારા તેમના પાકિસ્તાની સમકક્ષ સમક્ષ જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. ડીજીએમઓ દ્વારા પાકિસ્તાનના સમકક્ષ સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, સૈનિકોના માથા કાપી નાંખવાની બાબત કાયરતાપૂર્વકનું કૃત્ય છે. આ અમાનવીય ઘટના છે. જે કોઈ પણ પ્રકારની શિષ્ટાચારની હદમાં આવતી નથી. ભારતીય ડીજીએમઓએ પાકિસ્તાન સમકક્ષ

**સૈનિકોના માથા કાપવા અને અમાનવીય કૃત્ય કોઇપણ શિષ્ટાચારની હદમાં આવતા નથી : ઘટના સ્થળ નજીક પાકિસ્તાન તરફથી ફુલફાયર કરાયો હતો**

સમક્ષ કહ્યું હતું કે, આ કૃત્યની સ્પષ્ટરીતે નિંદા થવી જોઈએ. આનો જવાબ આપવામાં આવે તે જરૂરી છે. પાકિસ્તાન ડીજીએમઓને કહેવામાં આવ્યું છે કે, ઘટનાસ્થળની નજીક પાકિસ્તાન સેનાની ચોકીથી જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટમાં જણાવ્યા મુજબ પાકિસ્તાન પોતાના શરૂઆતી વલણ ઉપર મક્કમ છે. પાકિસ્તાને પુનરોચ્ચાર કર્યો છે કે, ભારતીય જવાનોના મૃતદેહને ક્ષતવિક્ષત કરવામાં આવ્યા નથી. બીજી બાજુ ભારતનું કહેવું છે કે, ભારતીય સરહદમાં બીએટીના જવાનો ઘુસી ગયા હતા. તેને કવર આપવા માટે પાકિસ્તાનની ચોકી પરથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. બીજી બાજુ પત્રકારો સાથે વાતચીત કરતા સરહદ સુરક્ષા દળના એડીજી કેકે ચૌબેએ કહ્યું છે કે, સ્ટાન્ડર્ડ ઓપરેશનની ફરી સમીક્ષા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે બીએસએફ અને સેનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવશે. બે ભારતીય સૈનિકોના માથા ઉડાવી દેવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એક જવાનને ઈજા પહોંચાડવામાં આવી હતી. સોમવારે જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં કૃષ્ણા ઘાટી સેક્ટરમાં ભારે ગોળીબારના છત્ર હેઠળ પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમના જવાનો ઘુસી ગયા હતા. કોઈપણ શબ્દનો ઉપયોગ

● અનુસંધાન પાન-૭ પર

# શહીદ જવાનોના સંપૂર્ણ સમ્માન સાથે અંતિમસંસ્કાર



તરણતારન, તા. ૨

જમ્મુ કાશ્મીરના પૂંચ સેક્ટરમાં શહીદ થયેલા નાયબ સુબેદાર પરમજીતસિંહના અંતિમ સંસ્કાર આજે તેમના વતન ગામ વેઈનપોઈન ખાતે કરવામાં આવ્યા હતા. સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં ભારતીય સેનાના જવાનો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા અને દેશભક્તિનો માહોલ છવાયો હતો. સેનાની ૨૨મી સીખ ઈન્ફેન્ટ્રી સાથે જોડાયેલા ૪૨ વર્ષીય જવાન ગઈકાલે શહીદ થયા હતા. પાકિસ્તાની સૈનિકો દ્વારા તેમની સાથે અમાનવીય કૃત્ય કરાયું હતું. તેમનું માથુ કાપી દેવામાં આવ્યું હતું. તેમની સાથે હેડ કોન્સ્ટેબલ પ્રેમ સાગર સાથે પણ આવું જ કૃત્ય કરવામાં આવ્યું હતું. જવાનોના પરિવારના સભ્યોની સાથે દેશના લોકો પણ લાલઘૂમ થયેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અનંતનાગની પેટા ચૂંટણી રદ

કાશ્મીરની અનંતનાગ લોકસભા બેઠકની ૨૫મીએ યોજાનાર પેટા ચૂંટણી ચૂંટણીપંચે રદ કરી છે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા મુજબ હિંસક બનાવોને પગલે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવી શક્ય ન હોઈ તેને રદ કરાઈ છે.

### મધ્યપ્રદેશે નાણાંકીય વર્ષ બદલ્યુ

મધ્યપ્રદેશ સરકારે રાજ્યનું નાણાંકીય વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર કરવાનો નિર્ણય મંગળવારે કર્યો હતો. દેશમાં નાણાંકીય વર્ષ બદલનાર મધ્યપ્રદેશ પ્રથમ રાજ્ય બન્યુ છે. હવે મધ્યપ્રદેશમાં ડિસેમ્બરમાં બજેટ રજુ કરાશે.

### અમિતાભ બચ્ચનના અવાજમાં ગણેશ વંદના

આગામી ૧૨મીથી રીલીઝ થનાર સરકાર-૩માં બીગ-બી અમિતાભ બચ્ચનના અવાજમાં ગણેશ વંદના ગવાઈ છે. જેનુ સંગીત સંકલન રોહન વિનાયકે કર્યુ છે. ગણેશ વિસર્જનના દશ્યમાં અમિતાભ બચ્ચને આ ગણેશવંદના રજુ કરી છે.

### ભારત દક્ષિણ એશિયા સેટેલાઈટ ૫ મીએ લોન્ચ કરશે

ભારત ૫ મીએ દક્ષિણ એશિયા સેટેલાઈટ લોન્ચ કરી રહ્યુ છે. ૪૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ સેટેલાઈટ પ્રથમવાર દક્ષિણ એશિયા તરફ છોડી રહ્યુ છે.

# કાશ્મીરના ખીણ વિસ્તારમાં ૨૭ વર્ષમાં ૪૦૦૦૦ના મોત

**આ ગાળા દરમિયાન ૨૧,૯૬૫ ત્રાસવાદીઓનો ખાતમો કરાયો : શહીદ થયેલા જવાનોની સંખ્યા ૫૦૫૫ નોંધાઇ**

શ્રીનગર,તા. ૨

જમ્મુ કાશ્મીરમાં રક્તપાતનો દોર છેલ્લા અનેક વર્ષોથી જારી રહ્યો છે. ખીણમાં ૨૭ વર્ષમાં ૪૦૦૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે. જે ૪૦૦૦૦ લોકોના મોત થયા છે તેમાં ૧૩૯૪૧ નાગરિકો અને ૨૧૯૬૫ ત્રાસવાદીઓનો સમાવેશ થાય છે. આ ગાળા દરમિયાન શહીદ થયેલા જવાનોની સંખ્યા ૫૦૫૫ નોંધાઈ ગઈ છે. આ ગાળા દરમિયાન ઘાયલ થયેલા જવાનોની સંખ્યા ૧૩૫૦૨ નોંધાઈ ગઈ છે. કાશ્મીરમાં હાલમાં હિંસાને લઈને એક આરટીઆઈ કરવામાં આવી હતી. જેના જવાબમાં કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા વર્ષ ૧૯૯૦થી નવમી એપ્રિલ ૨૦૧૭ સુધીના આંકડા જારી કર્યા છે. જેમાં મોતનો શિકાર થયેલા લોકો અંગે પુરતી માહિતી આપવામાં આવી છે. જેમાં સ્થાનિક નાગરિકો, સુરક્ષા દળોના જવાન અને ત્રાસવાદી સામેલ છે. છેલ્લા ત્રણ દશકના ગાળામાં હિંસાના દોરમાં વર્ષ ૨૦૦૧માં સૌથી વધારે હિંસા થઈ હતી. આ વર્ષ દરમિયાન ૩૫૫૨ મોત થયા હતા. જે લોકો મોતનો શિકાર થયા હતા તેમાં ૯૯૬ સ્થાનિક લોકો અને ૨૦૨૦ ત્રાસવાદીનો સમાવેશ થાય છે. જ્યારે સુરક્ષા દળના ૫૩૬ જવાનો શહીદ થયા હતા.

# માલ્યા માટે ઈડી અને સીબીઆઈની તપાસ ટુકડી બ્રિટન પહોંચી ગઈ

**બ્રિટનમાં વિજય માલ્યાના પ્રત્યાર્પણના સંદર્ભમાં સ્થાનિક અધિકારીઓ સાથે વાતચીત : કેસ મજબૂત કરવાનો હેતુ**

નવીદિલ્હી, તા. ૨

સીબીઆઈ અને ઈડીના



અધિકારીઓની એક ટીમ લંડન પહોંચી ગઈ છે જે ભારતીય બેંકોના નાણા લઈને ફરાર થઈ ગયેલા ઉદ્યોગપતિ વિજય માલ્યાના પ્રત્યાર્પણના સંદર્ભમાં સ્થાનિક અધિકારીઓ સાથે વાતચીત કરશે. સીબીઆઈ સૂત્રોએ કહ્યું છે કે, સીબીઆઈના એડિશનલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાના નેતૃત્વમાં ચાર સભ્યોની ટીમ બ્રિટનના અધિકારીઓને માલ્યાની સામે લોન ચુકવણીમાં નિષ્ફળ રહેવાના સંદર્ભમાં વિગતવાર માહિતી આપવામાં આવશે. આ ટીમમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના બે સભ્યો છે. માલ્યાના પ્રત્યાર્પણ સાથે સંબંધિત મામલો હાલમાં બ્રિટનની અદાલતમાં છે જ્યાં સીબીઆઈ અથવા તો ઈડી દ્વારા કોઈ સીધીરીતે રજૂઆત કરવામાં આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# પાકનું શરમજનક વર્તન : બર્બરતા કરી જ નથી : સરતાજ અઝીઝ

**કાશ્મીરમાં ક્રૂરતાનો બદલામાં ભારત પર આક્ષેપ : પોતાની બર્બરતાથી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા માટે શરમજનક રીતે પાકિસ્તાને ફરી કાશ્મીર મુદ્દાનો ટેકો લીધો**



નવી દિલ્હી,તા. ૨

સરહદ ઉપર બે ભારતીય જવાનો ઉપર છુપો હુમલો અને ત્યારબાદ ભારતીય જવાનોના મૃતદેહ સાથે અમાનવીય કૃત્ય બાદ પણ પાકિસ્તાનનું શરમજનક વલણ અકબંધ રહ્યું છે. પાકિસ્તાને આ ઘટનાક્રમ મુદ્દે ચિંતા અને દુખ વ્યક્ત કરવાના બદલે ભારત ઉપર કાશ્મીરમાં અત્યાચારનો ભારત ઉપર આક્ષેપ કર્યો છે. પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશ મામલાના સલાહકાર સરતાજ અઝીઝે નિવેદન જારી કરતા કહ્યું છે કે, સરહદ પર બર્બરતાની પાછળ પાકિસ્તાનનો કોઈ હાથ નથી. પાકિસ્તાને પોતાની બર્બરતાથી ધ્યાન દૂર કરવાના હેતુસર શરમજનકરીતે કાશ્મીર મુદ્દાનો ઉપયોગ કર્યો છે. અઝીઝે પોતાના નિવેદનમાં ભારતમાં કાશ્મીરમાં અત્યાચારનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું છે કે, ભારત કાશ્મીરમાં જારી સંઘર્ષને આતંકવાદ તરીકે રજૂ કરવાના પ્રયાસમાં છે પરંતુ આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા તેને ફગાવી દેવામાં આવ્યા છે. આ અગાઉ પાકિસ્તાની સેનાના પ્રમુખે કાશ્મીરના સંઘર્ષને સમર્થન આપવાનું નિવેદન આપ્યું હતું. અઝીઝે કહ્યું હતું કે, દુનિયામાં કોઈપણ ભારતના આ પ્રકારના તર્કને સ્વીકાર કરવા તૈયાર નથી કે, કાશ્મીર વિવાદ સરહદ પાર ત્રાસવાદ સાથે

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના મિશન ૨૦૧૯ માટે કાર્યકરોને નવો મંત્ર

**ઉત્તરપ્રદેશમાં સંપૂર્ણ વિકાસની સાથે બધા બૂથ પર મજબૂત સ્થિતિને જાળવવા માટેનો પણ સમય છે : અમિત શાહ**

લખનૌ, તા. ૨

ભાજપ અધ્યક્ષ અમિત શાહે આજે લખનૌમાં મિશન ૨૦૧૯ માટે પાર્ટીના કાર્યકરોને નવો મંત્ર આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભાજપના કાર્યકરો બસપ અને સપાના કાર્યકરો જેવા નથી. તેમને કંઈ અલગ કરીને બતાવું પડશે. લખનૌમાં ભાજપ કાર્યસમિતિની બેઠકને સંબોધતા તેમણે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં મળેલી મોટી જીતની સાથે સાથે પાર્ટીની જવાબદારી પણ ખુબ મોટી છે જેથી ભાજપના કાર્યકરોમાં વિજય ભાવની સાથે સાથે વિનમ્રતા પણ જરૂરી છે. ભાજપ ઉપર ઉત્તર પ્રદેશના સંપૂર્ણ વિકાસની જવાબદારી આવી ગઈ છે. પાર્ટી કાર્યકરોનો ઉત્સાહ વધી રહ્યો છે. અમિત શાહે કહ્યું હતું કે, ભાજપ કોઈ ટોળા તરીકે નથી પરંતુ દેશભક્ત કાર્યકરોની એક ટીમ છે. શાહે ઉમેર્યુ હતું કે, ૧૦ સભ્યો સાથે બનેલી પાર્ટી આજે ૧૧ કરોડ લોકોની પાર્ટી બની ગઈ છે. જે પાર્ટી ક્યારેક જામીન બચી જવા ઉપર પાર્ટી કરતી હતી આજે તેમના ૧૩૮૭ ધારાસભ્યો છે. ૭૭ ટકા વસતી અને ૯૦ ટકા ભુભાગ ઉપર ભાજપનું શાસન થઈ ચુક્યું છે. ઉત્તર પ્રદેશમાં ભાજપની મોટી જીત માટે પાર્ટીના કાર્યકરોને ક્રેડિટ આપતા તેમણે કહ્યું હતું કે, આરામથી બેસવાનો સમય નથી જે બૂથ ઉપર પાર્ટી જીતી નથી તેના ઉપર પણ કાર્યકરો કામ કરે તે જરૂરી છે. પાર્ટીને મજબૂત સ્થિતિમાં લાવવાનો સમય છે. ઉત્તરપ્રદેશે ૩૨૫ બેઠકો અમને આપી છે. ત્યારે કામની જવાબદારી ભાજપની છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સફળતા બાદ ભાજપના કાર્યકરોને વિશ્રામ કરવાનો અધિકાર નથી.

● અનુસંધાન પાન-૭ પર

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ગાંધીનગર થી અમરેલી
તા. ૫-૫-૨૦૧૭થી સાંજે ૬.૩૦ કલાકે ઉપડશે
નોનસ્ટોપ
અમરેલીથી ગાંધીનગર
૧૨ સીટની ગાડી
જુના સચિવાલય સામે પોઈન્ટના બસસ્ટેન્ડથી ઉપડશે
ગાંધીનગર સંપર્ક - ૯૪૨૭૬ ૧૬૬૦૧, ૮૦૦૦૦૩૫૭૩૦
સુધીર વી. રંગપરીયા ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૬૯૫, ૨૩૩૬૯૫, મો. ૯૮૨૪૮ ૫૮૦૭૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

